C.C.NO.510/2026

**વાલીયાના મહે.જ્યુડી.મેજીસ્ટ્રેટ ફ.ક.સાહેબની કોર્ટમાં,વાલીયા.**

**ક્રિમીનલ કેસ નંબર– ૫૧૦/૨૦૨૬**

આંક:–

ફરીયાદી:– શ્રી સરકાર

વિરૂધ્ધ.

આરોપી:– સંતોષભાઈ પ્રવિણભાઈ વસાવા
રહે. તલોદરા,કુલનદેવી ફળીયુ,તા.ઝઘડીયા જી. ભરૂચ

**ગુનો : એમ.વી.એકટ.કલમ.૧૮૫ તથા પ્રોહી.એકટ કલમ ૬૬(૧)(બી) મુજબ**

**::: ચુકાદો :::**

(૧) ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે,આરોપીએ ચાર્જશીટમાં જણાવ્યા મુજબના શિક્ષાને પાત્ર ગુના અંગે ઈન્સાફી કાર્યવાહી કરવા માટે પોલીસ ચાર્જશીટ કોર્ટ સમક્ષ રજુ કરવામાં આવેલ છે.

(૨) આરોપી કોર્ટ રૂબરૂ હાજર થતા તેઓને પોલીસ પેપર્સની નકલો મફત આપ્યાની ખાતરી કરેલ છે. આરોપીને ગુના કબુલાત અંગે પૂછતાં તેઓએ ગુનાની કબુલાત કરેલ છે, જેથી તેઓની ગુનાની કબુલાત લીધી. આ કામમાં આંક– થી આરોપીએ ગુના કબુલાત પૂરસીસ આપેલછે. તેમાં તેઓએ જણાવેલ છે કે, તેઓને ગુનો કબુલ છે. તેઓનો આ પ્રથમ ગુનો છે. અને તેઓ કોઈપણ જાતની ધાક ધમક કે દબાણ વગર ગુનો કબુલ કરે છે. જેથી તેને ઓછી સજા કરવા તથા દયા રાખવા વિનંતી કરી છે. આ કામે આરોપી ખરેખર પોતાની સ્વેચ્છાએ ગુનો કબુલ કરતો હોવાની ખાતરી કરવામાં આવેલ છે. તેની કબુલાત સ્વૈચ્છીક જણાતા તેનો સ્વીકાર કરી નામદાર ગુજરાત વડી અદાલતે ૨૦૦૫(૧) જી.એલ.આર. નં.૭૦૯ નટવર

ચંદ હીરાચંદ ઠાકોર વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાતના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો ધ્યાને લેતાં આરોપીને હળવી સજા કરવી વ્યાજબી માની નીચેનો હુકમ કરવામાં આવે છે.

**// હુકમ //**

આરોપી સંતોષભાઈ પ્રવિણભાઈ વસાવા રહે. તલોદરા,કુલનદેવી ફળીયુ,તા.ઝઘડીયા જી. ભરૂચ નાઓને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા–૨૦૨૩ની કલમ:૨૭૫ અન્વયે એમ.વી.એકટ.કલમ.૧૮૫ અન્વયેના ગુના સબબ તકસીરવાન ઠરાવી આરોપીને રૂા.૧,૦૦૦/–અંકે રુપિયા એક હજાર પુરાનો દંડ  તથા પ્રોહી.એકટ કલમ ૬૬(૧)(બી) અન્વયેના ગુના સબબ તકસીરવાન ઠરાવી આરોપીને રૂા.૧૦૦/–અંકે રુપિયા સો પુરાનો દંડ આમ કુલ રૂા.૧,૧૦૦/–(અંકે રૂા.એક હજાર સો પુરા)નો દંડ  તથા ઠપકો આપવામાં આવે છે. અને જો દંડ ન ભરે તો દિન–૨ ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

આજ રોજ સ્પેશીયલ સીટીંગમાં તારીખ–૧૧મી,માહે–જુલાઈ ,સને–૨૦૨૬ ના રોજ લોક અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ: ૧૧/૦૭/૨૦૨૬
સ્થળ : વાલીયા.

(એ.એમ.સોની)
જયુ.મેજી.ફર્સ્ટ કલાસ
વાલીયા.
**યુનીક જજ કોડ – ૦૧૬૩૬**